# ધોરણ ૯ના વિદ્યાર્થીઓની સંસ્કૃત વિષયમાં પડતી મુશ્કેલીઓનો અભ્યાસ

મેઘા ત્રિવેદી
એસોસિયેટ પ્રોફેસર,
ચૌધરી એમ.એડ્. કોલેજ ગાંધીનગર

## ૧. પ્રસ્તાવના

માણસ માત્રને મળેલ અણમોલ વરદાન એટલે ભાષા. ભાષાએ માણસના જીવનનું અભિન્ન અંગ છે. માણસ માત્ર માટે પોતાની લાગણી, વિચાર અને સમજ વ્યક્ત કરવાનું સહજ સાધન છે. ભારત જેવા બહુભાષી દેશમાં માતૃભાષા સિવાય બીજી ભાષા શીખવી પણ જરૂરી છે. સંસ્કૃતને ભારતીય ભાષાઓની જનની કહેવામાં આવે છે. તેથી તેના શિક્ષણનું મહત્વ અનેક ગણું વધી જાય છે ગુજરાત રાજયમાં ધોરણ 6 થી તેને અભ્યાસક્રમમાં સ્થાન આપવામાં આવેલ છે. પરતું એકદમ મર્યાદિત અભ્યાસક્રમ અને વ્યાકરણ વગેરેના કારણે વિદ્યાર્થીઓને આ વિષય અઘરો લાગે છે તેના અભ્યાસ માટે મર્યાદિત સમય અને પાયાના જ્ઞાનના અભાવે વિદ્યાર્થીઓ સંસ્કૃત વિષય પ્રત્યે નકારાત્મક વલણ રાખે છે અને આ ગોખવાનો વિષય છે તેવી તેમની માન્યતા દ્રઢ બને છે. સંસ્કૃત વિષયમાં અરુચિ જણાય તો તે દૂર કરી સંસ્કૃતના અભ્યાસને સરળ અને રસપ્રદ બનાવી શકાય તેથી પ્રસ્તુત સંશોધન હાથ ધરેલ છે.

## ૨. અભ્યાસનું મહત્ત્વ

પ્રસ્તુત અભ્યાસનું મહત્વ નીચે મુજબ છે.

- પ્રસ્તુત અભ્યાસમાં સંસ્કૃત વિષયમાં વિદ્યાર્થીઓની મુશ્કેલીઓ જાણી શકાશે.
- પ્રસ્તુત અભ્યાસમાં સંસ્કૃત વિષયમાં વિદ્યાર્થીઓની મુશ્કેલીઓ દૂર કરવાના ઉપાયો જાણી શકાશે.
- પ્રસ્તુત અભ્યાસમાં સંસ્કૃત વિષય પ્રત્યે વિદ્યાર્થીઓની અભિરુચિ કેળવી શકાશે.
- પ્રસ્તુત અભ્યાસથી સંસ્કૃત વિષય માટે ભાવિ સુધારાલક્ષી કાર્યક્રમો હાથ ધરવાનું માર્ગદર્શન મળશે.
- પ્રસ્તુત અભ્યાસમાં સંસ્કૃત શિક્ષકોને પોતાના અધ્યાપન કાર્યને અસરકારક બનાવવામાં ઉપયોગી બનશે.
- પ્રસ્તુત અભ્યાસ દ્વારા શિક્ષકોને વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવાનું કાર્ય સરળ બનશે.
- પ્રસ્તુત અભ્યાસથી વિદ્યાર્થીઓની આ વિષય પ્રત્યે રુચિ વધશે અને તેઓ ઉચ્ચ સિદ્દિધ પ્રાપ્ત કરી શકશે.

## ૩. હેતુઓ

**પ્રસ્તુત સંશોધનના હેતુઓ નીચે મુજબ છે.**

- ધોરણ ૯ના વિદ્યાર્થીઓને સંસ્કૃત વિષયમાં પડતી મુશ્કેલીઓ જાણવી.
- ધોરણ ૯ના વિદ્યાર્થીઓને સંસ્કૃત વિષયમાં પડતી પાઠયક્રમ સબંધી મુશ્કેલીઓ જાણવી.
- ધોરણ ૯ના વિદ્યાર્થીઓને સંસ્કૃત વિષયમાં પડતી વિદ્યાર્થી સબંધી મુશ્કેલીઓ જાણવી.
- ધોરણ ૯ના વિદ્યાર્થીઓને સંસ્કૃત વિષયમાં પડતી શિક્ષક સબંધી મુશ્કેલીઓ જાણવી.
- ધોરણ ૯ના વિદ્યાર્થીઓને સંસ્કૃત વિષયમાં પડતી ગૃહકાર્ય સબંધી મુશ્કેલીઓ જાણવી.
- ધોરણ ૯ના વિદ્યાર્થીઓને સંસ્કૃત વિષયમાં પડતી શાળા સબંધી મુશ્કેલીઓ જાણવી.

### ૪. અભ્યાસના પ્રશ્નો

પ્રસ્તુત અભ્યાસના સંદર્ભમાં સંશોધનનાં પ્રશ્નો નીચે મુજબ હતા.

- ધોરણ ૯ના વિદ્યાર્થીઓને સંસ્કૃત વિષયમાં જાતિના સંદર્ભમાં વિદ્યાર્થીઓને કઈ કઈ મુશ્કેલીઓ હશે ?
- ધોરણ ૯ના વિદ્યાર્થીઓને સંસ્કૃત વિષયમાં વિસ્તારના સંદર્ભમાં વિદ્યાર્થીઓને કઈ કઈ મુશ્કેલીઓ હશે ?
- ધોરણ ૯ના વિદ્યાર્થીઓને સંસ્કૃત વિષયમાં શાળાના પ્રકારના સંદર્ભમાં વિદ્યાર્થીઓને કઈ કઈ મુશ્કેલીઓ હશે ?
- ધોરણ ૯ના વિદ્યાર્થીઓને સંસ્કૃત વિષયમાં પાઠયક્રમ સબંધિત કઈ કઈ મુશ્કેલીઓ હશે ?
- ધોરણ ૯ના સંસ્કૃત વિષયમાં વિદ્યાર્થીઓને તેમના પોતાના સંબંધિત કઈ કઈ મુશ્કેલીઓ હશે ?
- ધોરણ ૯ના વિદ્યાર્થીઓને સંસ્કૃત વિષયમાં શિક્ષક સંબધિત કઈ કઈ મુશ્કેલીઓ હશે ?
- ધોરણ ૯ના વિદ્યાર્થીઓને સંસ્કૃત વિષયમાં ગૃહકાર્ય સંબધિત કઈ કઈ મુશ્કેલીઓ હશે ?
- ધોરણ ૯ના વિદ્યાર્થીઓને સંસ્કૃત વિષયમાં શાળા સંબધિત કઈ કઈ મુશ્કેલીઓ હશે ?

### ૫. સંશોધન યોજના

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે અમદાવાદ જિલ્લાની માધ્યમિક શાળાઓનાં ધોરણ-9 નાં વિદ્યાર્થીઓની સંસ્કૃત વિષયમાં પડતી મુશ્કેલીઓનો અભ્યાસ કરેલ છે. વ્યાપવિશ્વમાંથી યાદૃચ્છિક લોટરી પદ્ધતિએ નમૂનો પસંદ કરવામાં આવ્યો હતો.

### ૬. વ્યાપવિશ્વ

પ્રસ્તુત સંશોધનમાં અમદાવાદ જિલ્લાની ગુજરાતી માધ્યમની માધ્યમિક શાળાઓનાં ધોરણ-9 ના વિદ્યાર્થીઓની વ્યાપવિશ્વ તરીકે પસંદ કરવામાં આવેલ છે.

### ૭. નમૂનાની પસંદગી

પ્રસ્તુત અભ્યાસ માટે સંશોધનનાં વ્યાપવિશ્વ અમદાવાદ જિલ્લામાંથી શહેરી વિસ્તારની બે સરકારી અને બે બિનસરકારી તથા ગ્રામ્ય વિસ્તારની બે સરકારી અને બે બિનસરકારી એમ કુલ આઠ શાળાઓ પસંદ કરવામાં આવી. શાળાની પસંદગી યાદૃચ્છિક લોટરી પદ્ધતિથી કરવામાં આવી. દરેક શાળામાંથી કુલ 15 વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવ્યા હતાં. જેમાં વિદ્યાર્થી અને વિદ્યાર્થીઓનો સંખ્યા લગભગ સમાન રહે તે બાબતનું ઘાન રાખવામાં આવેલુ હતું.

### ૮. સંશોધન ઉપકરણ

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે માધ્યમિક શાળામાં અભ્યાસ કરતાં ધોરણ 9 સંસ્કૃત વિષયના વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખીને પ્રશ્નાવલિની રચના કરી હતી. જેમાં પ્રારંભમાં 60 વિધાનોની રચના કરી હતી અને અંતમાં તજજ્ઞીય સમીક્ષાને અંતે 35 વિધાનો પસંદ કરવામાં આવ્યા હતાં. ત્રણ વિકલ્પની સામે વિદ્યાર્થીએ (• ) નું ચિહ્ન કરી પોતાનો પ્રતિચાર આપવાનો તેવી સમસ્યાસૂચિમાં રચના કરેલ હતી.

## ૯. માહિતીનું એકત્રીકરણ

પ્રસ્તુત સંશોધનમાં પ્રશ્નાવલિને આધારે દરેક વિદ્યાર્થીના સંસ્કૃત વિષયમાં અરુચિના કારણો અંગેનો પ્રતિચાર લેવામાં આવ્યા. પ્રશ્નાવલિના વિભાગ પ્રમાણે દરેક વિદ્યાર્થીના પ્રતિચારને અરુચિના કારણોને ટકાવારીમાં ફેરવવામાં આવ્યા હતાં. ત્યારબાદ વિસ્તાર, જાતિ અને શાળાનાં પ્રકાર પ્રમાણે અરુચિના મુખ્ય કારણો શોધવામાં આવ્યા તથા ટકાવારીને આધારે તેને ક્રમ આપવામાં આવ્યા. હકારાત્મક વિધાનો માટે 'ના' વિકલ્પની અને નકારાત્મક વિધાનો માટે 'હા' વિકલ્પના પ્રતિચારોની ટકાવારી અનુસાર અરુચિના કારણોની ટકાવારી શોધવામાં આવી.

## ૧૦. તારણો

સંશોધકને સંસ્કૃત વિષયમાં અરુચિના કારણો અંગેનો પ્રશ્નાવલિ દ્વારા પ્રતિચાર લઈ  પ્રાપ્ત થયેલ માહિતીના પૃથક્કરણ અને અર્થઘટનનાં આધારે પ્રસ્તુત સંશોધન માટે નીચે મુજબ તારણો મળ્યાં હતાં.
સંસ્કૃત વિષયમાં વિદ્યાર્થીઓની અરૂચિના મુખ્ય કારણો નીચે મુજબ છે.

- ગૃહકાર્ય ન લાવતાં શિક્ષક શિક્ષા કરે છે.
- ગૃહકાર્ય ન લાવતાં શિક્ષક સજા કરશે તેવો ડર લાગે છે.
- સંસ્કૃત વિષયના પાઠ્યપુસ્તક પ્રત્યે અણગમો છે.
- શાળામાં સંસ્કૃત વિષયના વિવિધ શૈક્ષણિક રાધનો ઉપલબ્ધ નથી.
- સંસ્કૃત વિષય અઘરો લાગે છે.
- સંસ્કૃત વિષય વધુ મહેનત માગી લે છે.
- સંસ્કૃત વિષય વાંચવામાં કંટાળો આવે છે.

### *૧૦.૧ પાઠ્યપુસ્તક સંબંધિત*

- સંસ્કૃત વિષયનો પાઠ્યક્રમ કંટાળાજનક છે.
- સંસ્કૃત વિષયના પાઠયપુસ્તકમાં આપેલા સ્વાધ્યાય અઘરા લાગે છે.
- સંસ્કૃત વિષયના પાઠ્યક્રમ પ્રત્યે અણગમો છે.
- સામાજિક વિજ્ઞાન વિષયનો પાઠયક્રમ ઓછો છે પણ વ્યાકરણ વધુ છે.
- સંસ્કૃત વિષયમાં પાસ થવા માટે વ્યાકરનનો સતત અભ્યાસ કરવો પડે છે.

### *૧૦.૨ વિદ્યાર્થી સંબંધિત*

- સંસ્કૃત વિષયના તાસ દરમિયાન ઊંઘ આવે છે.
- સંસ્કૃત વિષય કંટાળાજનક લાગે છે.
- સંસ્કૃત વિષયમાં પાસ થવું મુશ્કેલ છે.
- અન્ય વિષયના કારણે આ વિષયમાં મહેનત થતી નથી.

### *૧૦.૩ શિક્ષક સંબંધિત*

- શિક્ષક વર્ગખંડમાં કડક વલણ દાખવે છે.

### *૧૦.૪ ગૃહકાર્ય સંબંધિત*

- ગૃહકાર્ય ન લાવતાં શિક્ષક શિક્ષા કરે છે.
- ગૃહકાર્ય ન લાવતાં શિક્ષક સજ્જ્જ કરશે તેવો ડર લાગે છે.

### *૧૦.૫ તાસ સંબંધિત*

- શિક્ષક દ્વારા જો વધારાનો નાસ લેવામાં આવે તો તે તાસ કંટાળાજનક લાગે છે.
- તાસ દરમ્યાન વ્યાકરણ સમજવામાં તકલીફ પડે છે.

### *૧૦.૬ શાળા સંબંધિત*

- શાળામાં પુસ્તકાલયની યોગ્ય વ્યવસ્થા નથી.
- શાળામાં સંસ્કૃત વિષયક સંદર્ભપુસ્તકો તથા અન્ય સાહિત્ય પૂરતા પ્રમાના નથી.
- શાળામાં સંસ્કૃત વિષયના વિવિધ શૈક્ષણિક સાધનો ઉપલબ્ધ નથી.

### ૧૧. ઉપસંહાર

પ્રસ્તુત અભ્યાસ દ્વારા સંશોધકે સંસ્કૃત વિષયમાં અરુચિના કારણો અંગેનો જાણીને તેના ઉકેલ માટેની દિશામાં યોગ્ય કાર્ય કરી શકાય અને શાળાનાં શિક્ષકોને, વિદ્યાર્થીઓ અને આચાર્યને ઉપયોગી થઈ શકે તેવો પ્રયાસ કરેલ છે. સંશોધકને શ્રદ્ધા છે કે શિક્ષણને અસરકારક બનાવવા માટે તેમજ આગામી સંશોધનો માટે પ્રસ્તુત અભ્યાસ દિશાસૂચક બની રહેશે.

### સંદર્ભ સૂચિ

૧. આચાર્ય, મહિની (2008). "શિક્ષણમાં સંશોધનનું પદ્ધતિ શાસ્ત્ર "(પ્રથમ આવૃતિ) અમદાવાદ, અક્ષર પબ્લિકેશન
૨. દેસાઈ, કે.જી. અને અન્ય (1973). "સંશોધન પદ્ધતિ અને પ્રવિધિઓ "(પ્રથમ આવૃતિ) અમદાવાદ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ
૩. પટેલ, આર. એસ. અને અન્ય (2009). "એમ. એડ. લઘુશોધ નિબંધ સારાંશ" અમદાવાદ, જય પબ્લિકેશન
૪. પટેલ, આર. એસ. અને અન્ય (2009). "શૈક્ષણિક સંશોધન માટે આકડાંશાસ્ત્રીય પદ્ધતિઓ" અમદાવાદ, જય પબ્લિકેશન
૫. પટેલ, આર. એસ. (2015). "સંશોધનનું પદ્ધતિ શાસ્ત્ર" અમદાવાદ, જય પબ્લિકેશન
૬. પટેલ, એ. એમ. (1989). પ્રાયોગિક અને સુષુપ્ત કાર્યોની ગુરુચાવી, વલ્લભ વિદ્યાનગર.
૭. શુક્લા, એસ. એસ. (2018) "સંશોધન એક પરિચય " અમદાવાદ, ક્ષિતી પબ્લિકેશન
૮. શુક્લા, એસ. એસ. (2010) "શૈક્ષણિક મનોવિજ્ઞાન" આગ્રા, અગ્રવાલ પ્રકાશન
૯. શાહ, દિપીકા ભદ્રેશ (2004). શૈક્ષણિક સંશોધન (પ્રથમ આવૃત્તિ) અમદાવાદ : ગુજરાત યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.